ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા

ગાંધીનગર તાપમાન

શ્રાદ્ધમાં એક લાખ લીટર દૂધનું વેચાણ વધુ થશે

શ્રાદ્ધ પક્ષ શરુ થતા શહેરમાં રોજના ૮ હજાર લીટર દૂધનો વપરાશ વધ્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં શ્રાદ્ધ પક્ષ શરુ થતા જ ૮ હજાર લીટર દૂધનો વપરાશ વધ્યો છે. શહેરમાં સામાન્ય દિવસોમાં સવાર-સાંજનું થઈને ૭૨ હજાર લીટર દૂધનો વપરાશ થાય છે. ત્યારે અત્યારે હાલના સમયે શ્રાદ્ધને પગલે મધુર ડેરીના કુલ ૧૯૦ દૂધ વિતરણ કેન્દ્ર પરથી રોજનું ૮૦ હજાર લીટર દૂધનું વેચાણ થાય છે. જયારે નોમના દિવસે સૌથી વધુ દૂધ વેચાણ થાય છે. શ્રાદ્ધ પક્ષના સોળ દિવસમાં નગરજનો એક લાખ લીટર દૂધની ખીર આરોગી જાય છે.

ભાદરવા સુદ પૂનમથી પિતૃઓના તર્પણ અને પૂજન માટેના મહાલય શ્રાદ્ધ પક્ષનો પ્રારંભ થયો છે. આ શ્રાદ્ધ પક્ષ સોળ દિવસ ચાલશે અને ૨૦મી સપ્ટેમ્બરે તેનું સમાપન થશે. ત્યારે શ્રાદ્ધમાં ખીર-પુરીનું વિશેષ મહત્વ છે, જેમાં કાગડાઓને ખીર પુરી ખવડાવો એટલે એવી માન્યતા છે કે પિતૃઓને

બધુ જ પહોંચી ગયું. આ પ્રક્રિયાને કાગવાસ કહેવામાં આવે છે. રહેણાંક મકાનના ધાબા પર જઈને કાગવાસ સાથે ખીર-પુરી નાંખવામાં આવતા જ કાગડા આવીને ખીરપુરી આરોગવા માડે છે. ત્યારે બદલાતા સમયની સાથે શ્રાદ્ધમાં પરિવાર તેમજ અન્ય મિત્ર વર્તુળને પણ ભોજન ગ્રહણ માટે બોલાવવામાં આવે છે. જેને પગલે ભોજનમાં પણ બદલાવ આવ્યો છે. જેમાં ખીર-પુરી, ભીંડાનું શાક તેમજ સાથે ભજીયા, લાડુ, દાળ-ભાતનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં દૂધ વિતરણની કોઈ વ્યવસ્થા ન હતી ત્યારથી ગાંધીનગર દુધ વાપરાઓની સહકારી મંડળી કાર્યરત થઈ છે. અત્યારે હાલ શહેરમાં સવારે ૧૦ ટ્રક અને બપોરે ૪ ટ્રક દ્વારા દૂધ વિતરણ વ્યવસ્થા સંભાળવામાં આવે છે. શહેરમાં મધુરના ગ્રામ્ય -શહેરી વિસ્તારમાં ૧૯૦ દૂધ વિતરણ કેન્દ્ર આવેલા છે.જયાંથી રોજનું ૭૨ હજાર દૂધ વિતરણ થાય છે. ગાંધીનગર દૂધ વિતરણ સહકારી મંડળીમાં ૨૫૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે. જેથી શ્રાદ્ધપક્ષમાં દૂધની માંગમાં વધારો થવા છતા સરળતાથી વિવિધ કેન્દ્ર પર ગ્રાહકોની માંગ સતોષાય તે રીતે વિતરણ વ્યવસ્થા સંભાળવામાં આવે છે.

શહેરમાં રખડતાં કૂતરાઓનો ભયંકર ત્રાસ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી શહેરમાં રખડતા ઢોર અને કૂતરાંઓના ભયંકર ત્રાસ અંગે સતત ૧૩ વર્ષથી એકધારી સચોટ રજુઆત કરી રહેલ છે પરંતુ કુંભકર્ણ ની જેમ નિંદ્રામાં રહેલ તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી.

રખડતાં ઢોર અંગે તબક્કાવાર અનેક વાર રજુઆતો કલેકટરને, નોટીફાઈડ એરીયાને, મનપાના અધિકારીઓને વર્ષોથી કરવામાં આવી છે છતાં તેનો સકારાત્મક ઉકેલ આવેલ નથી. સમગ્ર શહેરને રખડતાં ઢોરો/કૂતરાંઓએ બાનમાં લીધુ છે. જેનાથી વયસ્કોને તેમજ બાળકોને જીવનું જોખમ રહે છે. તો આ પ્રશ્નનું સત્વરે નિરાકરણ ૧૦ દિવસમાં કરાય તેવી માંગણી કરવામાં આવી છે. નહિતર સુઓ મોટો કરવાની ફરજ પડશે તેમ સિનિયર સિટીઝનો વિચારી રહ્યા છે.

પાટનગરમાં માર્ગ અકસ્માતોની વણઝાર : પાંચ ઘાયલ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં ગઈ કાલ સાંજથી આજ બપોરનાં સમયગાળા દરમ્યાન માર્ગ અકસ્માતોની વણઝાર થઈ હતી. ૨૪ કલાકમાં શહેર વિસ્તારમાં ચાર અકસ્માતો સર્જાયા હતા.

ગઈ કાલે મોડી સાંજે ખ-૫ એલ.ડી.આર.પી સર્કલ થી સે-૨૪ સી.એન.જી પંપ તરફ રોંગ સાઈડમાં જઈ રહેલી ઈકો કારે એક સાયકલચાલક કિશોરને અડફેટે લઈ લેતા ચકચાર મચી જવા પામી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા સાયકલ ચાલકને અકસ્માત સર્જનાર ડ્રાઈવરનો માલીક ખાનગી હોસ્પિટલ લઈ ગયો હતો. તે ઉપરાંત સે-૧૭-૨૨ પાસે અને સે-૨૩ કડી સ્કુલ નજીક પણ અકસ્માત થયો હતો. સદ્દભાગ્યે આ અકસ્માતોમાં કોઈ જાનહાની કે ગંભીર ઈજાઓ થવા પામી ન હતી. તે ઉપરાંત આજે બપોરનાં અરસામાં સે-૭ ચૌધરી સ્કુલ પાસે ૩ નંબરનાં માર્ગ પરથી પસાર થઈ રહેલી કેટા કારનાં ચાલકે બે વાહનોને અડફેટે લઈ લીધા હતા. એકટીવા અને બાઈકને ટક્કર મારતા ત્રણ વ્યક્તિઓ ઘાયલ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. ૨૪ કલાકમાં ચાર અકસ્માતોમાં પાંચ વ્યક્તિઓ ઘાયલ થયા હતા.

સિવિલમાં દર્દીઓનો પાણી માટે પોકાર

ગાંધીનગર,તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અતિ આધુનિક બનાવાઈ છે. સરકારી તંત્ર દ્વારા કરોડો રૂપીયા ખર્ચ કરવામાં આવ્યો છે, છતા દર્દીઓને મળતી સુવિધામાં કોઈ ફેર પડ્યો નથી. હાલના સમયે સિવિલમાં પાણીની અછત જોવા મળે છે. આઠમા માળે દર્દીઓને પાણી મળતુ નથી. જેને પગલે ઈન્ડોર ઈમારતમાં વિવિધ રોગની સારવાર માટે એડમીટ થયેલા દર્દીઓને સવારે શૌચક્રિયા માટે કયાં જવું તે પ્રશ્ન સતાવી રહ્યો છે. હોસ્પિટલમાં નર્મદાના નીર આવવાની વાત વિસરાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે અથવા કયાંક વટીવટી પ્રક્રિયામાં નર્મદાના પાણીની ફાઈલ અટવાઈ ગઈ છે. પરંતુ સિવિલ તંત્ર દ્વારા નવીન બોર પણ બનાવાયો છે તેમજ કાર્યરત છે છતા દર્દીઓને પુરતુ પાણી મળતુ નથી તે વાત નવાઈ ઉપજાવે છે. પાણી ન હોવાથી સ્ટાફ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓ પણ બુમો પાડતા હોય છે. પરંતુ સિવિલ તંત્રના બહેરા કાને વાત અથડાઈને પરત ફરે છે. ત્યારે સિવિલમાં પાણી નથી તેના પોંકાર દર્દીઓ પાડી રહ્યા છે. અત્યારે હાલના સમયે વિવિધ રોગચાળાને પગલે દર્દીઓથી વોર્ડ ઉભરાઈ રહ્યા છે. તેવી સ્થિતિમાં પાણીની અછત સર્જાતા અધિકારી-કર્મચારીઓ પણ હેરાન પરેશાન થઈ ઉઠે છે.

ચેઈન સ્નેચર્સે ટુ વ્હિલર પર જતા વૃધ્ધ દંપતિને નિશાન બનાવ્યુ

સોનારડા પાસે ચાલુ બાઇકે વૃધ્ધાનાં ગળામાંથી દોરો આંચકી ગઠીયાઓ રફ્ફુચક્કર : વૃધ્ધા પડી જતા ઘાયલ

ગાંધીનગર, તા.૮

અરવલ્લીના એક ગામમાંથી ટુ વ્હિલર લઈને વૃધ્ધ દંપતિ પુનમની સાંજે અમદાવાદનાં નરોડા પાસે મંદિરે દર્શન કરવા ગયા હતા અને સાથે પૌત્રને પણ લઈ ગયા હતા. દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે ડભોડા નજીક સોનારડા રોડ પર ચેઈન સ્નેચર્સે તેમને ટાર્ગેટ બનાવ્યા હતા. બાઈક પર અંધારામાં આવેલા બે અજાણ્યા શખ્સોએ ચાલુ બાઈકે વૃધ્ધાનાં ગળામાં હાથ મારી તેમના ગળામાંથી સોનાનો દોરો આંચકી લીધો હતો અને દોરો લુંટીને બંને ફરાર થઈ ગયા હતા. ટુ વ્હિલર પરથી વૃધ્ધાને આંચકો વાગતા નીચે પડી ગયા અને ઘાયલ થતા હોસ્પિટલાઝ્ડ કરવા પડયા છે. ડભોડા પોલીસે વૃધ્ધની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ચેઈન સ્નેચર્સ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

અરવલ્લી જીલ્લાનાં બાયડ તાલુકામાં આવેલા ભૂડાસણ ગામમાં રહેતા ૬૧ વર્ષિય ચેતનકુમાર પુજાલાલ શાહ તેમની પત્ની અને પૌત્રને લઈને ટુ વ્હિલર પર નરોડા સ્થિત એક મંદિરમાં પુનમની સાંજે દર્શન કરવા ગયા હતા. મોડી સાંજે તેમના વાહનમાં પરત ફરી રહ્યા હતા ત્યારે સોનારડા રોડ પર અવાવરુ રસ્તે આ વૃધ્ધ દંપતિને ચેઈન સ્નેચર્સે નિશાન બનાવ્યા હતા. જે રસ્તા પર અવરજવર ઓછી હતી તે રસ્તે પીછો કરીને આ વૃધ્ધ દંપતિની નજીક એક બાઈક પર બે અજાણ્યા ચેઈન સ્નેચર્સ આવી પહોંચ્યા અને પાછળથી વૃધ્ધાના ગળામાં ઝાપટ મારીને ગળામાં પહેરેલો દોઢ તોલા વજનનો સોનાનો દોરો આંચકી લીધો હતો. દોરો ખેંચતા ચેતનકુમારે તેમના ટુ વ્હિલર પરથી કાબુ ગુમાવી દીધો અને બંને રસ્તા પર પડી જતા વૃધ્ધાને ઈજાઓ થવા પામી હતી અને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવા પડયા છે. ડભોડા પોલીસ મથકના પી.એસ.આઈ ડી.બી.વાળાએ ચેતનકુમારની ફરિયાદને આધારે બે અજાણ્યા ચેઈન સ્નેચર્સ સામે આઈ.પી.સી ૩૯૨,૧૧૪ મુજબ ગુનો દાખલ કરી આરોપીઓ પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

શ્રીમતી અંજલી રુપાણીએ ગાંધીનગરમાં AFWWA કોમ્પ્લેકસની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૮

ગુજરાતનાં માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રુપાણીનાં પત્ની શ્રીમતી અંજલી રુપાણીએ ૮ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ પહેલી વખત ગાંધીનગરમાં એરફોર્સનાં હેડક્વાર્ટર વાયુ શક્તિ નગરની મુલાકાત લીધી હતી. તેમનું સ્વાગત એએફ ડબલ્યુડબલ્યુએ (રિજનલ)નાં પ્રેસિડન્ટ શ્રીમતી નીલમ ધીરે કર્યું હતું અને એર ફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસિએશન દ્વારા ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં હાથ ધરવામાં આવેલી કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

શ્રીમતી અંજલી રુપાણીએ તાજેતરમાં જીર્ણોદ્ધાર થયેલ સંસ્કૃતિ થ્રિફ્ટ શોપની મુલાકાત પણ લીધી હતી. તેઓ વાયુદળનાં સૈનિકોની પત્નીઓ દ્વારા સ્ટેશન અધિકારીનાં કલ્યાણ માટે સ્થાપિત અને સંચાલિત બ્લોક પ્રિન્ટિંગ યુનિટથી પ્રભાવિત થયા હતાં. ત્યારબાદ તેમણે એએફ ડબલ્યુડબલ્યુએ સંગિની સાથે આદાનપ્રદાન કર્યું હતું અને વાયુદળનાં સૈનિકોનાં જીવનનાં પડકારો અને જીવનને સુંદર બનાવવા સાથે સંકળાયેલી બાબતો વિશે જાણકારી મેળવી હતી.

શ્રીમતી અંજલી રુપાણીએ સંગિનીઓનાં કિંમતી પ્રદાનની પ્રશંસા કરી હતી, જેઓ એર ફોર્સ સમુદાયનાં કલ્યાણ માટે સતત કામ કરે છે અને આ ઉદાત આશયને સતત ચાલુ રાખવા માટે સંગિનીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

સે-૭ સરકારી પ્રાથમિક શાળાના સેમ્પલ રૂમ જોખમી

પીવીસી સિમેન્ટ સીટના રૂમ ઉતારી બાળકો માટે મેદાન ખુલ્લુ કરવા માંગ : શાળામાં પંખા-ટયુબલાઈટસ બદલવાની જરૂર : કોમ્પ્યુટર-પ્રોજેકટરની સુવિધાનો અભાવ : વરસાદી પાણીના ભરાવાથી રોગચાળાનો ભય

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેકટર-૭માં સરકારી પ્રાથમિક શાળાના બાળકોના માથે જર્જરિત બનેલા પીવીસી તથા સિમેન્ટ શીટના સેમ્પલ રૂમ જોખમરૂપ બન્યાં છે. ભયજનક બનેલા આ ત્રણ રૂમ કોઈ બાળકનો ભોગ લે તે પહેલા સત્વરે ઉતારી લઈ બાળકો માટે રમતગમતનું મેદાન મળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા તાકીદ કરાઈ છે. આ સાથે શાળામાં વરસાદી પાણીનો ભરાવો, વર્ગખંડોમાં ભંગાર હાલતમાં સિલીંગ ફેન અને ટયુબલાઈટસ, કચરાના નિકાલ માટે ડસ્ટબીનની જરૂરિયાત તથા વિદ્યાર્થીઓના અભ્યાસ માટે કોમ્પ્યુટર, પ્રોજેકટર તથા સ્ક્રીનની જરૂરિયાત જેવા પ્રશ્નો પણ સળવળી રહ્યા છે.

સે-૭ની સરકારી પ્રાથમિક શાળાના કંપાઉન્ડમાં ત્રણ સેમ્પલરૂમ પીવીસી તથા સિમેન્ટ શીટથી બનાવાયા હતા જે ભૂકંપ દરમિયાન જાનહાનિ ઓછી થાય તે બાબતને પ્રદર્શિત કરતા હતા. આ ત્રણેય રૂમની હાલત જર્જરિત થઈ ગઈ હોવાથી બાળકો માટે જોખમરૂપ બન્યા છે. આ ત્રણેય રૂમને ઉતારી લઈ આ જગ્યા બાળકોને રમતગમતના મેદાન તરીકે વાપરવા દેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. વળી, શાળામાં અન્ય પ્રશ્નો પણ ઉઠવા પામ્યા છે. જેનો ઉકેલ સત્વરે લાવવો આવશ્યક બન્યો છે. શાળામાં ૨૦ જેટલા સિલીંગ ફેન અને અનેક ટયુબલાઈટસ પણ ભંગાર હાલતમાં છે. શાળામાં વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રોજેકટર તથા સ્ક્રીન વગેરેની સગવડ નથી, શાળા સંકુલમાં વૃક્ષોનું પ્રમાણ વધુ હોવાથી કચરો વધુ થાય છે જેના નિકાલ માટે કન્ટેનરની સગવડ નથી. શાળા કંપાઉન્ડ મુખ્ય માર્ગ કરતા નીચું હોવાથી વરસાદી પાણીનો ભરાવો થાય છે જે રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધારે છે જે બાળકોના સ્વાસ્થ્ય માટે જોખમી છે. આથી શાળા કંપાઉન્ડમાં પેવરબ્લોકનું કામ કરવા માંગણી કરવામાં આવી છે. આ તમામ સમસ્યાઓના ઉકેલ માટે શાળા સંચાલક દ્વારા મનપા પાસે ધા નાંખવામાં આવી છે.

વાતવાતમાં

● રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક સાંજે ૫.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે મળશે.

● ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા મુકિતધામ ખાતે અસ્થિ વિસર્જન સેવા અંતર્ગત પ્રાર્થનાસભા અને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે. જેમાં તા. ૧૦ જુનથી ૮ સપ્ટેમ્બર સુધી અવસાન પામનારના સ્વજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

● ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની દિવ્યાંગોની રમત સ્પર્ધા સે-૧૬ મહાત્મા મંદિર ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

@ગાંધીનગર

● શાળાની પરીક્ષાઓ પાછી ઠેલાતા બાળકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. જયારે મા-બાપને ચિંતા થવા પામી છે. આગામી નવરાત્રિ મહોત્સવના પગલે વાલીઓને આ ચિંતા સતાવી રહી છે.

● શહેરના ગ માર્ગ પર સે-૧૨ ચાર રસ્તા ગ-૩ પાસે રોડ પર તોતિંગ ગાબડું પડવા પામ્યું છે. આ ગાબડાને પગલે રાહદારીઓ અને વાહનચાલકોએ સાવધાની રાખવાની જરૂર જણાઈ રહી છે.

આજે ધોળાકુવા ખાતે જેસીઆઈ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૮

જે.સી.આઈ.ગાંધીનગર દ્વારા તા-૯/૯/૨૦૧૭, શનિવાર ના રોજ બપોરે ૨:૦૦ થી ૫:૦૦ કલાક સુધી ચંચળ માતાનું મંદિર, ધોળાકુવા ગામ ખાતે વિના મૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં અમદાવાદ અને ગાંધીનગરના ૧૧ તબીબો સેવાઓ આપશે. જેનો નાગરિકોએ લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે. આ કેમ્પના ઉદ્ઘાટક તરીકે માન. ધારા સભ્ય અશોકભાઇ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ તેમજ અતિથિ વિશેષ તરીકે ધોળાકુવાના અગ્રણી અને શહેર મહામંત્રી પંકજજી ઠાકોર અને ઝોન ડાયરેકટર મેનેજમેન્ટ જેસી. નિપેશ સોની ઉપસ્થિત રહેશે. આ કેમ્પમાં દર્દીઓને સામાન્ય રોગોની દવા તેમજ પ્રાથમિક સારવારની કીટ મફતમાં આપવામાં આવશે.

આજે સે-૩-બી ખાતે રજત જયંતિ મહોત્સવ અંતર્ગત બેઠક યોજાશે

નવરાત્રી મહોત્સવ સમિતિ સેકટર-૩-બી દ્વારા તા. ૩૦ સપ્ટેમ્બરથી તા. ૨ ઓકટોબર દરમિયાન રજત જયંતિ મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત નવચંડી યજ્ઞનું પણ આયોજન કરાયું છે. જેના ભાગરુપે તા. ૯ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે નવરાત્રી ચોક, સેકટર-૩-બી ખાતે બેઠક મળશે. જેમાં સેકટરના તમામ વસાહતીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. પટેલ મણીબેન નારણભાઈ, ઉ.વ. ૭૬
- સ્વ. ઠાકોર કોકીલાબેન આત્મારામ, ઉ.વ. ૬૦
- સ્વ. નીતા નારાયણદાસ અરોરા, ઉ.વ. ૪૫
- સ્વ. ચૌધરી રામજીભાઈ બેચરભાઈ, ઉ.વ. ૭૨
- સ્વ. રાઠોડ ખુમાનસિંહ દશરથસિંહ, ઉ.વ. ૪૮

આઈ લવ માય ગાંધીનગર

જ્યોત્સનાબેન ડી જોષી

ગાંધીનગર ગમે

શહેરના મોટાભાગના નગરજનો ધાર્મિક તથા ભક્તિમાં રસ દાખવતા હોય છે. મહિલાઓ વિવિધ મંડળોનું ગઠન કરી આનંદના ગરબા, ભજન દ્વારા વાતાવરણ પવિત્ર બનાવતાં હોઈ મને ગમે.

નગરજનો

નગરજનો શહેરના ખુશનુમા વાતાવરણમાં નિયત કરેલી બેઠકોમાં એકઠા થઈ ધાર્મિક, સામાજિક, રાજકીય તેમજ આર્થિક ચર્ચાઓ કરતા હોઈ તેઓનું ગઠન હૂંફાળું હોય પ્રતીત થાય છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

શહેરના પ્રત્યેક સેકટરમાં નાનાં-મોટાં દેવસ્થાનમાં ધાર્મિક પ્રવૃત્તિઓમાં મહિલા મંડળો વ્યસ્ત હોય છે. એવી રીતે શ્રાવણ માસમાં શિવ મંદિરો, હવેલીઓ અને અન્ય મંદિરોનાં પવિત્ર વાતાવરણ ગમે.

નગરને બહેતર બનાવવા

બુદ્ધિજીવી અને સમાજસેવકો ગઠિત થઈ રખડતા ઢોરના માલિકોને વચ્ચે રાખી માલધારીઓ સાથે મસલત કરીને પ્રશ્ન હલ કરી શકે. ઉપરાંત મહિલાઓ જાગૃત બની સ્વચ્છતા અને પર્યાવરણ અંગે વિચારે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

નગર માટે હું કરી શકું

સ્વચ્છતા માટેની ઝૂંબેશમાં પ્રથમ સહકાર આપું, ઉપરાંત પખવાડિયામાં એકવાર જનજાગૃતિ માટે લોક સંપર્ક દ્વારા વિકાસ માટે પ્રયત્ન પણ કરું.